

P.07

તૃપ્તિ ડિમરીએ પરવીન બાબીની જીવનકથનીમાં મુખ્ય રોલ ભજવવાની તૈયારી શરૂ કરીગેરહાજરી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા



P.07

પ્રિયંકાના ભાઈના લગ્નમાં કઝિન પરિણીતિની ગેરહાજરી

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૮૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા સુદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 182 • Dt.12-02-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


નેપાળે ૨૩ ભારતીય નાગરિકોની ધરપકડ કરી ઓનલાઈન જુગાર રેકેટ ચલાવવાનો આરોપ



07

**12**
FEBRUARY- 2025
WEDNESDAY



07

રશિયા-યુક્રેન યુદ્ધ રોકવાની તૈયારીઓ શરૂ ટ્રમ્પના પ્રતિનિધિ મ્યુનિકમાં ઝેલેન્સકીને મળશે





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


ઓલિમ્પિક-૨૦૩૬, ટૂંક સમયમાં લોકાર્પણની સંભાવના । બની રહેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પલેક્સને છ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે

# નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્સનો ખર્ચ વધીને ૭૬૧ કરોડથી પણ વધી શકે

। અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદના નારણપુરા વોર્ડમાં આવેલા વરદાન ટાવરની પાછળના ભાગમાં નવી ડ્રાફટ ટાઉન પ્લાનિંગ સ્કીમ-૨૯માં ઓલિમ્પિક-૨૦૩૬ને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી રહેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પલેકસનો ખર્ચ વધીને રુપિયા ૭૬૧ કરોડથી પણ વધી જશે. આ સ્પોર્ટ્સ કોમ્પલેકસ માટે કોન્ટ્રાકટર પીએસપી પ્રોજેકટસ લિમિટેડનું રુપિયા ૬૩૧.૭૭ કરોડના અંદાજની મંજૂરી મેળવવામાં આવી હતી.૨૯ મે-૨૦૨૨ના રોજ ખાત મૂહુર્ત કરાયેલા આ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કોમ્પલેકસની ૯૫ ટકા કામગીરી પુરી કરી લેવામા આવી છે. ટૂંક સમયમાં લોકાર્પણ થાય એવી સંભાવના છે. નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેકસ માટે પ્લાનિંગ અને ડિઝાઈન કરીને બિલ્ટઅપ એરિયા મુજબ રુપિયા ૫૯૩.૯૯ કરોડનો એસ્ટીમેટ રજૂ કરવામાં આવતા કેન્દ્ર સરકારના મિનીસ્ટર ઓફ યુથ,અફેર્સ અને સ્પોર્ટ્સ દ્વારા રુપિયા ૫૮૩.૯૯ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યુ હતુ.આ રકમમા વધારો કરવામાં આવી રહયો છે. તમામ રકમનું ચૂકવણું કેન્દ્ર અને રાજય સરકારની ગ્રાન્ટ હેઠળ કરવામાં આવશે. આ પ્રોજેકટ અંગે બજેટ મંજૂર કરવામાં આવ્યા પછી કુલ પ્લોટ એરિયા ૭૨,૫૦૦ ચોરસમીટરથી વધીને ૮૨,૫૦૭ ચોરસ મીટર થતા બિલ્ટઅપ એરિયામા પણ વધારો થયો હતો.પ્લાનિંગ અને ડિઝાઈનમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વખતોવખતના સુચન મુજબ ફેરફાર કરવા સાથે સુવિધામા વધારો કરવામાં આવ્યો છે. નવા ઉપલબ્ધ થયેલા પ્લોટ મુજબ આર્કિટેકટ દ્વારા ૧.૧૫ લાખ ચોનારણપુરામાં બની રહેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પલેકસને છ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે.

## કોન્ટ્રાકટર પીએસપી પ્રોજેકટસ લિમિટેડનું રૂપિયા ૬૩૧.૭૭ કરોડના અંદાજની મંજૂરી મેળવવામાં આવી હતી



(૧) એકવાટીક કોમ્પલેકસ-ઈન્ટરનેશનલ સ્વિમિંગ ફેડરેશનના નોમર્સ મુજબ બનાવવામા આવેલા સ્વિમિંગપુલમાં આર્ટીસ્ટીક તથા વોટરપોલો તરીકે વપરાશમાં લઈ શકાશે.બ્લોકમાં ૧૫૦૦ પ્રેક્ષકો બેસી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. (૨) સેન્ટર ફોર સ્પોર્ટ્સ એકસલન્સ-બે મુખ્ય હોલ કે જેમાં બે બાસ્કેટ બોલ, બે વોલીબોલ કોર્ટ અથવા આઠ બેડમીન્ટન કોર્ટ તરીકે એક જ સમયે વપરાશ થઈ શકશે.આ સેન્ટરના મલ્ટી સ્પોર્ટ્સ હોલમાં બે ટેકવોન્ડો કોર્ટ અથવા બે કબડ્ડી કોર્ટ, બે રેસલીંગ અથવા ૧૨ ટેબલટેનિસની મેચનું આયોજન થઈ શકશે. આ સેન્ટરમાં ખેલાડીઓ માટે લોન્જ, એક સ્પોર્ટ્સ અને સાયન્સ ફીટનેસ સેન્ટર,ચેઈન્જ રૂમ, કોચ માટેના આઠ ડબલરૂમ ઉપરાંત ખેલાડીઓ માટે ૧૦૦ ટ્રીપલ બેડરૂમ સાથે ૧૫૦ કોર્પોરેટસ માટેના ડાઈનીંગ હોલનો સમાવેશ કરાયો છે. (૩) ઈન્ડોર મલ્ટિ સ્પોર્ટ્સ અરેના-૧૬ બેડમીન્ટન કોર્ટ, ૪ વોલીબોલ કોર્ટ, ૪ જિમનેસ્ટીક મેટ,કબડ્ડી,કુસ્તી સહીતની મલ્ટી પરપઝ હોલની સુવિધા કરવામાં આવી છે.એક સાથે ૫૨૦૦ પ્રેક્ષકો બેસીને મેચ નિહાળી શકે એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ છે.મીડીયારૂમ,કોલરૂમ, સ્પોર્ટ્સ ફેડરેશન માટેના રૂમ સહીતની અન્ય વ્યવસ્થા કરવામાં આવી છે. (૪) કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર-૬ બેડમીન્ટન કોર્ટ, ૬ ટેબલટેનિસ કોર્ટ, ૬ કેરમ ટેબલ,૯ ચેસ,૧૦ સ્નૂકર અને બિલીયર્ડના ટેબલનો સમાવેશ કરી મલ્ટી પરપઝ હોલ બનાવવામાં આવનાર છે. ૬ સ્કવોશ કોર્ટ તથા ઈન્ડોર શૂટીંગ માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.કેફેટેરીયા,જીમ, એરેબીક્સ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ગાઢ ધૂમ્મસની ચાદર છવાઇ

# જામનગર શહેર અને જિલ્લામાં આજે વહેલી સવારે એકાએક હવામાનમાં પલટો



સવારે ભેજનું પ્રમાણ ૯૮ ટકા થઈ જતાં ઝાકળ ભીની સવાર જોવા મળી હતી, અને વહેલી સવારે વાહનચાલકોને પોતાના વાહનો ચલાવવા માટે ભારે હાલાકી વેઠવી પડી હતી

। જામનગર, તા.૧૧ ।

જામનગર શહેર અને જિલ્લામાં હજુ પણ ઠંડી અને ગરમીનું મિશ્ર વાતાવરણ બનેલું જોવા મળી રહ્યું છે. જેમાં આજે સવારે એકાએક ફરી બદલાવ જોવા મળ્યો હતો, અને વહેલી સવારે ગાઢ ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. આજે સવારે ભેજનું પ્રમાણ ૯૮ ટકા થઈ જતાં ઝાકળ ભીની સવાર જોવા મળી હતી, અને વહેલી સવારે વાહનચાલકોને પોતાના વાહનો ચલાવવા માટે ભારે હાલાકી વેઠવી પડી હતી. લાઈટ ચાલુ કરીને તેમજ વાઈપર સાથે વાહન ચલાવવાનો વારો આવ્યો હતો. ઉપરાંત માર્ગો પરથી પાણીના રેલા ઉતરી ગયા હતા. છેક સવા નવ વાગ્યા બાદ સૂર્ય નારાયણના દર્શન થતાં ધીમે ધીમે ઝાકળનું પ્રમાણ ઘટ્યું હતું. તે દરમિયાન વહેલી સવારે મોર્નિંગમાં નીકળેલા લોકો, તેમજ સ્કૂલે જતા વિદ્યાર્થીઓ વગેરેને હાલાકી વેઠવી પડી હતી. જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮.૦૦ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૫.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જયારે મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા રહ્યું હતું, જયારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૧૫ થી ૨૦ કિ.મીની ઝડપે રહી હતી. ઉપરાંત માર્ગો પરથી પાણીના રેલા ઉતરી ગયા હતા. છેક સવા નવ વાગ્યા બાદ સૂર્ય નારાયણના દર્શન થતાં ધીમે ધીમે ઝાકળનું પ્રમાણ ઘટ્યું હતું. તે દરમિયાન વહેલી સવારે મોર્નિંગમાં નીકળેલા લોકો, તેમજ સ્કૂલે જતા વિદ્યાર્થીઓ વગેરેને હાલાકી વેઠવી પડી હતી. જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮.૦૦ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૫.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જયારે મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા રહ્યું હતું, જયારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૧૫ થી ૨૦ કિ.મીની ઝડપે રહી હતી. જામનગર શહેર અને જિલ્લામાં હજુ પણ ઠંડી અને ગરમીનું મિશ્ર વાતાવરણ બનેલું જોવા મળી રહ્યું છે. જેમાં આજે સવારે એકાએક ફરી બદલાવ જોવા મળ્યો હતો, અને વહેલી સવારે ગાઢ ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. આજે સવારે ભેજનું પ્રમાણ ૯૮ ટકા થઈ જતાં ઝાકળ ભીની સવાર જોવા મળી હતી.

જે અરદારોએ એપોઇન્ટમેન્ટ લીધી હશે તેમની કામગીરી હાથ ધરવામાં આવશે

સોમવારે 'નો લોગિન ડે' અભિયાન અંતર્ગત આર.ટી.ઓ.ના ટેક્નિકલ ઓફિસરો કામથી દૂર રહ્યા હતા, જેના લીધે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી

# સરકાર તરફથી પડતર પ્રશ્નો ઉકેલવાનુ આશ્વાસન આરટીઓના ઓફિસરો કામ ઉપર પરત ફર્યા

। અમદાવાદ,તા.૧૧ ।

રાબેતા મુજબ કામગીરી શરુ રાજ્યભરમાં આર.ટી.ઓ.ના ટેક્નિકલ ઑફિસર ઍસોસિયેશન દ્વારા જૂના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ઘણા દિવસોથી ઠેર-ઠેર વિવિધ રીતે વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહ્યા હતા. ત્યારે આજે સરકાર દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની બાંહેધરી આપવામાં આવતા આર.ટી.ઓના ટેક્નિકલ ઑફિસર કામ પર પરત ફર્યા છે. વિરોધ પ્રદર્શનનો અંત આવતાં અરજદારોને હાશકારો થયો છે. આજે ૧૨ વાગ્યા પછી જે અરદારોએ એપ




ોઈન્ટમેન્ટ લીધી હશે તેમની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સોમવારે 'નો લોગિન ડે' અભિયાન અંતગર્ત આર.ટી.ઓ.ના ટેક્નિકલ ઓફિસરો કામથી દૂર રહ્યા હતા. જેના લીધે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આજે પણ માસ સીએલ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી પરંતુ સરકાર દ્વારા સકારાત્મક અભિગમ દાખવી પડતર પ્રશ્નોના યોગ્ય નિરાકરણની બાંહેધરી આપવામાં આવતા તમામ ઑફિસરો કામ પર પરત ફર્યા છે.વિરોધ પ્રદર્શનનો અંત આવતાં અરજદારોને હાશકારો થયો છે.

સરકારી કચેરીઓના ગેટની બહાર ટ્રાફિક પોલીસ તહેનાત કરાશે

# ગુજરાતમાં સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત ડીજીપીના આદેશ પર કચેરીઓ બહાર સ્પેશિયલ ડ્રાઇવ

હાઇકોર્ટના કડક વલણને પગલે રાજ્યના ડીજીપી વિકાસ સહાયએ આદેશ કરતાં આજથી હેલ્મેટ વગરના કર્મચારીને દંડ કરવામાં આવશે । રાજ્યના ડીજીપી વિકાસ સહાયે સરકારી કચેરીના કર્મચારીઓ માટે હેલ્મેટ કાયદો ફરજિયાત

। અમદાવાદ,તા.૧૧ ।

ગુજરાત હાઈકોર્ટની ઝાટકણી બાદ રાજ્યમાં તમામ સરકારી કર્મચારીઓને ટુ વ્હીલર પર હેલ્મેટ ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો હતો. ત્યારે આજ(૧૧મી ફેબ્રુઆરી) થી સરકારી કચેરીમાં તમામ કર્મચારીઓમાં દ્વિચક્રી વાહનો પર હેલ્મેટ ફરજિયાત કરાયા છે. હાઈકોર્ટના કડક વલણને પગલે રાજ્યના ડીજીપી વિકાસ સહાયએ આદેશ કરતાં આજથી હેલ્મેટ વગરના કર્મચારીને દંડ કરવામાં આવશે. રાજ્યના ડીજીપી વિકાસ સહાયે સરકારી કચેરીના કર્મચારીઓ માટે હેલ્મેટ કાયદો ફરજિયાત કર્યો છે. ડીજીપીના પરિપત્ર મુજબ ૧૧મી ફેબ્રુઆરીથી તમામ સરકારી કચેરીમાં હેલ્મેટ વગર વાહન ચલાવનાર કર્મચારી સામે પગલાં લેવાશે.



રાજ્યભરની તમામ સરકારી કચેરી અને ખાસ કરીને સચિવાલયર ગેટ બહાર ટ્રાફિક પોલીસ તહેનાત કરાશે. ડીજીપીના આદેશ મુજબ સરકારી કચેરીમાં આવતાં તમામ સરકારી કર્મચારી તેમજ ટુ-વ્હીલર પર આવતા બંને વ્યક્તિઓએ ફરજિયાતપણે હેલ્મેટ પહેરવાનું રહેશે. કોઈપણ કર્મચારી હેલ્મેટના કાયદાનું ઉલ્લંઘન કરતાં પકડાશે તો દંડ સહિત કાયદાકીય કાર્યવાહી પણ કરાશે.ગુજરાત હાઈકોર્ટની ઝાટકણી બાદ રાજ્યમાં તમામ સરકારી કર્મચારીઓને ટુ વ્હીલર પર હેલ્મેટ ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો હતો.

નડિયાદ ટાઉનના જવાહરનગર વિસ્તારમાં | ખેડા-આણંદ જિલ્લામાં નશાખોરીથી ૧૦ લોકોએ જીવ ખોયાં છે ત્યારે ઊંડી તપાસ જરૂરી છે

# જીરા સોડા પીધા પછી ત્રણ યુવકોના પાંચ મિનિટમાં મોત : નડિયાદમાં સોડાકાંડ કે કેમિકલકાંડ?

। નડિયાદ, તા.૬ ।

નડિયાદ ટાઉનના જવાહરનગર વિસ્તારમાં બુટલેગરના ત્યાંથી દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હોવાનું મૃતકોના પરિવારજનો વારંવાર કહી રહ્યાં છે. પરંતુ, ખેડા જિલ્લા પોલીસ વડા આ ઘટના લઠ્ઠાકાંડની નહીં પરંતુ સોડા પીવાના કારણે મૃત્યુ થયાનું કહી રહ્યા છે. પોલીસને એવી વિગતો મળી છે કે, મૂકબધિર મૃતક કનુભાઈ સોડાની બોટલ લઈને આવ્યા હતા. ૨૦૦મિ.લી.ની સોડા બોટલ ત્રણ લોકો પીવે અને ત્રણેયના મૃત્યુ થાય છે. તેમા કોઈ કેમિકલ ભેળવાયાની મજબૂત આશંકાથી કેમિકલકાંડ અંગે પોલીસ તપાસ કરી રહી છે. ખેડા-આણંદ જિલ્લામાં નશાખોરીથી ૧૦ લોકોએ જીવ ખોયાં છે ત્યારે ઊંડી તપાસ જરૂરી છે. નડિયાદના જવાહરનગર



વિસ્તારમાં દેશી દારૂના બંધાણી કનુભાઈ ચૌહાણ, યોગેશ કુશવાહા અને રવિન્દ્ર રાઠોડ નામના શ્રમિકોના નશીલા પદાર્થના સેવન બાદ શંકાસ્પદ મૃત્યુ થતાં તેમના પરિવાર દેશી દારૂ પીધા બાદ મૃત્યુના આક્ષેપ કરે છે. આ મામલે ખેડા-આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ જણાવ્યું કે, ત્રણેય ઈસમોએ જીરા સોડાની એક બોટલમાંથી પ્રવાહી પીધા બાદ ત્રણેય લોકો એક બાદ એક પાંચથી સાત મિનિટના અરસામાં લથડિયા ખાવા લાગ્યા અને ઢળી પડ્યા હતા. સોડા પીધા બાદ માત્ર પાંચેક મિનિટમાં આ પ્રકારનું રિએક્શન આવવાથી કથિક સોડામાં ઝેરી દ્રવ્ય અંદર ભેળવ્યું હોય તેવી આશંકા વ્યક્ત કરી પોલીસ વડાએ પોલીસ ટીમો તપાસ કરી રહી હોવાનું જણાવ્યું હતું. ઘટનાના પગલે ગાંધીનગરથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ આવી હતી. નડિયાદ એસઓજી, એલસીબી અને ટાઉન પોલીસ સહિતની ટીમો મોડી રાત સુધી દોડતી રહી હતી. બુટલેગરોને પણ રાઉન્ડઅપ કરીને તપાસ આદરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષકે લોહીના સેમ્પલોના રીપોર્ટમાં મિથેનોલનું પ્રમાણ ન હોવાની અને ઈથેનોલનું સામાન્ય પ્રમાણ હોવાની સ્પષ્ટ વાત કરી હતી. બીજી તરફ, ત્રણ મૃતકો પૈકીના એક કનુભાઈ કે જે બહેરા-મુંગા છે તે દાવત લખેલી ૨૦૦ મિ.લી.ની સોડા બોટલ લાવ્યા હતા તે પીધા પછી ત્રણેયના મૃત્યુ નિપજ્યા હતા. મિથેનોલ અને ઈથેનોલથી તે સંજોગોમાં સોડા સાથે કયું કેમિકલ ભેળવવામાં આવ્યું અથવા તો સોડા પીધા પહેલાં કોઈ બીજી વસ્તુનું સેવન કરવામાં આવ્યું હતું કે કેમ તે અંગે પોલીસ ઊંડી તપાસ કરી રહી છે. ગાંધીનગરથી ઉચ્ચ પોલીસ સૂત્રો કહે છે કે, આ પ્રકારે જીરા સોડા પીધા પછી નશાના બંધાણી એવા ત્રણ લોકોના મૃત્યુ ક્યા કારણે નિપજ્યાં તે મુદ્દો ગુજરાત પોલીસ માટે પણ મહત્ત્વનો છે. અગાઉ સિરપકાંડ સર્જાયો તેમાં ૭ લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં.

દરોડા સમયે આરોપી હાજર મળી આવ્યો ન હતો

# જામનગરમાંથી ઓરડીમાંથી અંગ્રેજી દારૂની ૧૦૧ નંગ બોટલનો જથ્થો ઝડપાયો

## પોલીસે રૂ.૫૨,૫૦૦ ની કીમતનો દારૂ કબજે લીધો હતો

। જામનગર, તા.૧૧ ।

જામનગરના નવા કુંભાર વાડા વિસ્તારની એક ઓરડી ઉપર પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડીને ૧૦૧ નંગ ઈંગ્લીશ દારૂની બોટલનો જથ્થો ઝડપી લીધો હતો. જો કે દરોડા સમયે આરોપી હાજર મળી આવ્યો ન હતો. ગઈકાલે સીટી એ. ડીવી પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર એન.એ.ચાવડાની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સપેટકર એમ. એન.રાઠોડ સાથે સર્વેલન્સ સ્કોડ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના સ્ટાફને ચોકકસ બાતમી મળેલ કે, ભોયવાડાની અંદર નવા કુંભારવાડામાં રહેતો અને સોપારીનું કામ કરતો મયુર ઉર્ફ લકકી નરોતમભાઈ મંડલી પોતાના કબ્જા ભોગવટાની અને સોપારી કટીંગ કામની ઓરડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો રાખી તેનું વેચાણ કરે છે. તેથી પોલીસે દરોડો પાડયો હતો. આ સમયે આરોપી મયુર ઉર્ફ લકકી નરોતમભાઈ મંડલી હાજર મળી આવ્યો ન હતો. પરંતુ તેની ઓરડીમાંથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૦૧ નંગ બોટલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૫૨,૫૦૦ ની કીમતનો દારૂ કબજે લીધો હતો. અને આરોપી મયુર ઉર્ફ લકકી નરોતમભાઈ મંડલીને ફરાર જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

## અમદાવાદમાં યુવકે દુષ્કર્મ આચર્યા બાદ સગાઇ તોડી નાખતાં યુવતીએ કર્યો આપઘાત

| અમદાવાદ, તા.૧૧ |

અમદાવાદના નારણપુરા વિસ્તારમાંથી ચકચારી ઘટના સામે આવી છે. ૨૩ વર્ષીય યુવતીએ નારણપુરાના ક્લિનિકમાં આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને સુસ્યાઇડ નોટ મળી આવી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા એક ક્લિકનિકમાં ૨૩ વર્ષીય યુવતીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. હાલમાં મળી રહેલી માહિતી અનુસાર યુવતીની જે યુવક સાથે સગાઈ થઇ હતી તેણે દુષ્કર્મ આચર્યા બાદ સગાઈ તોડી નાખતાં લાગી આવ્યું હતું. જેના પગલે યુવતીએ અંતિમ પગલું ભરી જીવનનો અંત આણ્યો છે.

## રાજકોટના સંતકબીર રોડ પર મધરાત્રે ખેલાયો ખૂની ખેલ

| રાજકોટ, તા.૧૧ |

રાજકોટમાં સામાકાંઠે સંતકબીર રોડ પર ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. પરપ્રાંતીય બે ભાઈઓને અજાણ્યા ત્રણ થી ચાર શખ્સોએ છરીના ઘા ઝીંકી લોહી-લુહાણ કરી દેતા બંનેને સારવાર માટે સિવીલમાં ખસેડાયા હતા. જ્યાં બંનેના મૃત્યુ નીપજ્યા હતા. મકાન ખાલી કરવાના મુદ્દે હત્યા થયાની ચર્ચા છે. જો કે પોલીસ તપાસ બાદ હત્યા પાછળનું ચોક્કસ કારણ બહાર આવશે. મોડી રાત્રે બી-ડીવીઝન પોલીસે આ મામલે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે. જબલપુરના અને છેલ્લા દોઢેક વર્ષથી રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં ગોવિંદબાગ શાકમાર્કેટ પાસે આર્યનગરમાં ભાડે રહેતા અને ચાંદી કામ કરતાં અમીત રાજુભાઈ જૈન (ઉ.વ. ૨૯) અને તેનો ભાઈ વીકી (ઉ.વ. ૨૫) ઘર પાસે હતા ત્યારે ત્રણથી ચાર અજાણ્યા શખ્સો આવી ચઢ્યા હતા અને આડેધડ છરીના ઘા ઝીંકી દેતા ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### રૂ.૧૫૦ કરોડના બિનહિસાબી વહેવારોની કબૂલાત

# ગુજરાત રાજ્યમાં આઇટીના દેવ ગ્રુપ ઉપર દરોડા

### રૂ. ૨.૪૫ કરોડથી વધુના મૂલ્યનું સોનું પણ ઝડપાયુંઃ ૧૬ લોકર સીલ કર્યા

| રાજકોટ, તા.૧૧ |

આવકવેરા ખાતાના અધિકારીઓએ ગત શુક્રવારથી જામનગરના દેવ ગ્રુપના ૧૫ સ્થળ પર પાડેલા દરોડાના અંતિમ ચરણમાં દેવ ગ્રુપે રૂ. ૧૫૦ કરોડના બિનહિસાબી વહેવારો કર્યા હોવાની કબૂલાત કરી છે. આ દરોડામાં અત્યાર સુધીમાં રૂ. ૩.૫ કરોડની રોકડ મળી આવી છે. તેમ જ રૂ. ૨.૪૫ કરોડના મૂલ્યનું ૩ કિલો સોનું પણ પકડાયું છે. રૂ. ૫૦ લાખ રોકડા અને રૂ. ૫૦ લાખના દાગીના મળીને એક કરોડની મત્તા થોડા કલાકોમાં જ મળી આવ્યા છે. આવકવેરા અધિકારીઓ તેમના અંદાજે ૧૬ લૉકર સીલ કર્યા છે. કંપનીએ કરેલા રૂ. ૧૫૦ કરોડ સુધીના રોકાણની વિગતો પણ બહાર આવી છે.અમદાવાદ, જામનગર, માળીયા અને મિયાણાના મળીને દેવ ગ્રુપની કંપની દેવ સોલ્ટ પ્રાઈવેટ લિમિટેડ, મૈત્રેયી ડેવલપર્સ, ડી.કે. એન્ટરપ્રાઈસ, અરિહંત અર્થમુવર્સ એન્ડ કોન્ટ્રાક્ટર્સ, વિમલ કીર્તિ કામદાર, વિવેક સોમાણી, રૂપલ કિરણ વ્યાસના ઘર અને ઓફિસને આવરે લીવામાં આવ્યા છે. આ લખાય છે ત્યારે દરોડાની કાર્યવાહી ચાલુ જ છે. કેટલાક સ્થળોએ દરોડાની કાર્યવાહી સમેટી લેવામાં આવી છે. કંપનીએ તેના હિસાબોમાં અંદાજે ૨૫થી ૩૦ કરોડના ખોટા ખર્ચાઓ બતાવીને પણ આવકવેરાની ચોરી કરી હોવાના દસ્તાવેજો




પુરાવાઓ દરોડા પાડનારા અધિકારીઓએ શોધી કાઢ્યા છે. કંપનીઓ વેરો બચાવવા માટે કરોડોના મૂલ્યના વગર બિલના વેચાણ કર્યા હોવાનું પણ આવકવેરા ખાતાના દરોડા પાડનારા અધિકારીઓના ધ્યાનમાં આવી ગયું છે. કંપનીએ સોલ્યમાંથી લિક્વિડ બ્રોમાઈન બનાવીને ઔદ્યોગિક વપરાશકારોને વગર બિલે તેનું મોટું વેચાણ કર્યુ હોવાનું પણ બહાર આવી રહ્યું છે. રોકડની આવકો અને રોકડના ખર્ચ મોટે પાયે કર્યા હોવાનું પણ બહાર આવ્યું છે. અમદાવાદમાં વૈષ્ણોદેવી નજીક શાંતિગ્રામ નજીક નોર્થ પાર્ક વિલામાંના દેવ ગ્રુપના એકમ પર, રાજપથ ક્લબની પાછળ આવેલા દેવ હાઉસ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. તેમ જ અમદાવાદના ઘૂમા વિસ્તારમાં આરોહી ક્લબ પાસે આવલા દેવ ગ્રુપના એકમ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. દેવ ગ્રુપના પ્રમોટર્સ બિલ વિના કરવામાં આવતા સોલ્ટના વેપારના નાણાં હોસ્પિટાલિટીના તથા અન્ય બિઝનેસ તરફ ડાયવર્ટ કરવામાં આવતા હોવાનું પણ ધ્યાનમાં આવ્યું છે.

## જૂનાગઢમાં આપના ઉમેદવાર જ ભાજપમાં જોડાઈ ગયા !

| જૂનાગઢ, તા.૧૧ |

જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વોર્ડ નં. ૧૧માંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર જ ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપને વધુ એક ઉમેદવારને પોતાના પક્ષમાં કરવામાં સફળતા મળી છે. આમ આદમી પક્ષમાંથી ઉમેદવારી કર્યા બાદ હવે છેક ભાજપના વિકાસ અંગેનું જ્ઞાન થયું હોય તેમ ઉમેદવાર ચૂંટણી જંગમાંથી હટી જતા લોકોમાં આશ્ચર્ય છવાયું છે. જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે હાલ રાજકીય પક્ષ દ્વારા મતદારો તો ઠીક ઉમેદવારોને જ પોતાની તરફેણમાં કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે આમ આદમી પાર્ટીના આગેવાને જૂનાગઢમાં આવી ભાજપ દ્વારા પોતાના પક્ષના ઉમેદવારોને ડરાવી ધમકાવી પ્રલોભનો આપવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. વોર્ડ નં. ૧૧ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અનિલ કાછડીયાએ ચૂંટણી લડવાના બદલે ભાજપના ઉમેદવારોને સમર્થન આપી ભાજપમાં જોડાઈ ગયા હતા.જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વોર્ડ નં. ૧૧માંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર જ ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપને વધુ એક ઉમેદવારને પોતાના પક્ષમાં કરવામાં સફળતા મળી છે. આમ આદમી પક્ષમાંથી ઉમેદવારી કર્યા બાદ હવે છેક ભાજપના વિકાસ અંગેનું જ્ઞાન થયું હોય તેમ ઉમેદવાર ચૂંટણી જંગમાંથી હટી જતા લોકોમાં આશ્ચર્ય છવાયું છે.

## ભાવનગરમાં બાઈક ચાલકને અડફેટે લઈ અજાણ્યો કાર ચાલક ભાગી ગયો

| ભાવનગર, તા.૧૧ |

તળાજામાં બનેલાં હીટ એન્ડ રનનો બનાવ તાજો જ છે તેવામાં પાલિતાણાના સોનપરી ગામે મોટરસાઈકલ પર વ્યવહારિક કામે આવી રહેલાં વંડા ગામના યુવકને હડમતિયા ગામ નજીક અજાણી કારે અડફેટે લેતા બાઈક ચાલક યુવકનું મોત નિપજયું હતું. જયારે, અકસ્માત સર્જીને કારચાલક નાસી છૂટયો હતો. હીટ એન્ડ રનના આ બનાવમાં પાલિતાણા ટાઉન પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વંડા ગામે રહેતા ભલાભાઈ નગાભાઈ સાટિયાએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ એવા મતલબની પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૯ને રવિવારે સાંજે ૬ઃ૩૦ કલાકના અરસામાં તેમના ભત્રીજા કાળુભાઈનો દિકરો જાલાભાઈ (ઉ.વ.૨૬) વંડા ગામેથી પાલિતાણા તાલુકાના સોનપરી ગામે તેમના ફોઈના ઘરે વ્યવહારિક કામ સબબ જઈ રહ્યો હતો ત્યારે પાલિતાણા ગારિયાધાર રોડ પર આવેલ હડમતીયા ગામે અજાણ્યા કાર ચાલકે પોતાની કાર પુર ઝડપે ચલાવી બાઈક સાથે અથડાવી હતી. જેના કારણે બાઈકસવાર જાલાભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બીજી તરફ, બાઈક સાથે અકસ્માત સર્જીને અજાણ્યો કારચાલક નાસી છૂટયો હતો.

## સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ વિભાગ ચાર દ્વારા સમૂહ જનોઈનું આયોજન



| અમદાવાદ, તા.૧૧ |

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ વિભાગ ચાર દ્વારા સમૂહ જનોઈનું આયોજન રાણીપ ખાતે આવેલ શાંતારામ હોલ ખાતે રવિવાર તારીખ ૯ના રોજ કરવામાં આવ્યું હતું. આ સમૂહ જનોઈમાં ૩૩ બટુકોએ ભાગ લીધો હતો અને શાસ્ત્રોક વિધિ પ્રમાણે આ બટુકોને યજ્ઞ પવિત્ર ધારણ કરાવી હતી. ૩૩ બટુકોને દાતાઓ તરફથી ભેટ સોગાત પણ આપવામાં આવી હતી. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્રહ્મ સમાજના અગ્રણીઓ તેમજ દાતાઓનો અને સમૂહ જનોઈમાં ભાગ લેવા બદલ બટુકોના માતા પિતાઓનો પણ આભાર સંસ્થાના પ્રમુખશ્રી કનુભાઈ રાવળે વ્યક્ત કર્યો હતો.

### સંસ્કૃત જેવી વૈજ્ઞાનિક ભાષા પણ વસંતની અમર્યાદા આનંદની લાગણીઓને સુંદર રીતે વ્યક્ત કરે છે

# ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : 'ઋતુ નામ કુસુમાકર' ( હું ઋતુઓમાં વસંત છું )

| અમદાવાદ, તા.૧૧ |

ભારતનું સાહિત્ય જગત અને સંગીત જગત વસંત નું વર્ણન કરવામાં એકબીજા સાથે સ્પર્ધા કરતા હોય તેવું લાગે છે. સંસ્કૃત જેવી વૈજ્ઞાનિક ભાષા પણ વસંતની અમર્યાદા આનંદની લાગણીઓને સુંદર રીતે વ્યક્ત કરે છે. પૃથ્વી આકાશ જળચર બધું જ વસંતના સંવેદનાત્મક્ત આવે છે. જો કામદેવના મિત્ર વસંત ને પૂર્ણ પ્રેમમાં જોવો હોય તો કાલિદાસના ઋતુ સંહારમાં જુઓ, કુમાર શંભવમ અને મેઘદૂતમાં વસંત ખીલે છે. વિદ્યાપતિઓની રચનાઓમાં વસંત વેરાયેલી જોવા મળશે. એક ઋતુ તરીકે વસંત કુદરત દ્વારા પ્રતિપાદિત એક સાર્વત્રિક સિદ્ધાંત પણ છે કે સંજોગો પરિ દ્રશ્યને ગમે તેટલા કુરૂપ કરે પણ સૂકી ડાળીઓનું પુનઃ પુષ્પિત અને નવપલિત થવું આ સંસારનો નિયમ છે. ઋતુપતિ (વસંત) ના આગમનનું મહત્વ એ છે કે વસંત ઋતુ દરમ્યાન પ્રકૃતિના તમામ તત્વોમાં પથરાયેલો આનંદ આપણા મન સાથે કાયમ માટે એકાત્મક થઈ જાય છે. વસંત એ વાતની ઘોષણા કરે છે કે પ્રકૃતિમાં જીવનમાં ઈતિહાસમાં જ્યાં પણ પાનકર છે ત્યાં પણ કુદરતના પ્રહારે તેનો બધો રસ ચુસીને જીવનને શુષ્ક નિર્જીવ અને વિખરાયેલુ બનાવ્યું છે ત્યાં અંદરથી બહાર આવવાની પ્રક્રિયા શરૂ થશે વસંત સમગ્ર વિશ્વને આનંદની લાગણીથી ભરી દેશે.વસંત ઋતુમાં આવી વિરહીઓ ના હૃદયમાં વેદના પ્રબળ બને છે પ્રકૃતિ તેના જુના પાંદડા ઉતારીને નાના નાના પાંદડાઓમાં ઢંકાયેલું તેનું યૌવન વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે "ઋતુ નામ કુસુમાકર" આજ વસંતનો અવિચલિત ઉત્સવ અને આનંદ ધર્મ એ છે કે ધર્મની સ્થાપના કરવા આવેલા ભગવાન કૃષ્ણ પણ પોતાને ઋતુનું કુસુમાકર કહે છે. વસંત મૂળ રૂપે કામદેવ અને રતિના પુત્ર છે તે એટલો બહાદુર છે કે કામદેવ ની સાથે તે દેવતા ભગવાન શંકરની સમાધિ તોડવાની પ્રક્રિયા સાથી બની ઊભો રહે છે તો એ કામદેવ કરતા વધુ શાશ્વત અને નિરંતર છે કામદેવ શરીરના વિનાશ પછી પણ આ ભૌતિક રીતે પૃથ્વી પરના દરેક જીવમાં હાજર છે પરંતુ જ્યારે વસંત આવે ત્યારે તેનું સર્જન થાય છે વસંત દરેકની પ્રિય છે વસંત કોમળ છે તેથી તો એ કોમળ લાગણીઓને જગાડે છે એટલી કોમળ કે તેની સવાર ફૂલ ની કાળીના પુષ્પોમાં ફેરવવાના અવાજથી થાય છે જ્યારે કળીઓ પુષ્પો બનવા તાતું હોય છે જે એક મહાન યોગીની તપસ્યાનો ભંગ કરવા ગયો અને તેમાં આંશિક સફળતા પણ મેળવી આવી રીતે વસંત કોઈ સામાન્ય લોકો ને વિચલિત કરી નાખે તો કોઈ નવાઈ નથી. વસંત નિષેધ અને તોડે છે વસંત સંબંધો વચ્ચે જન્મેલા બરફને ધીમી આજે તરલ બનાવીને એવી ઉત્તેજના પેદા કરે છે કે તેજસ્વી રંગબેરંગી છે કે વૈવિધ્યસભર હોય છે રિતિકા ના કવિઓએ વસંત પર સેંકડો હજારો છંદો લખ્યા છે જ્યારે વસંત ફેલાય છે ત્યારે તે માત્ર માનવ શરીરમાં ફેલાતી નથી તે પ્રકૃતિના કણ કણમાં ઉત્તેજિત થાય છે. હું અપીલ કરવા માંગુ છું કે સંપૂર્ણ થાકેલા, હતાશ થયેલા, નિરાશ કે ઉદાસ થયેલા માનવ જાતના પ્રત્યેક કણ કણને કહી રહ્યો છું કે પાનખર નો અર્થ વસંતનું ફરી આવવું છે.

વસંત મહેતા( વરિષ્ઠ પત્રકાર )



## રાજકોટના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર તથા જામનગર પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ દ્વારા

# જામનગરની શાળામાં સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સાયબર ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ યોજાયો

### ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓને તથા ૧૫ શિક્ષકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ થી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપાયું

| જામનગર, તા.૧૧ |

રાજકોટના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર તથા જામનગર પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ દ્વારા યોજાયેલી જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સના અનુસંધાને આપેલા માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા "સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ"નું આયોજન ખંભાળીયા હાઈવે પર વસઇ નજીક આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં કરવામાં આવ્યું હતું.આ સેમીનારમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓને તથા ૧૫ શિક્ષકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી વિદ્યાર્થીઓ સાયબર સુરક્ષા અંગે વધુ સચેત રહી શકે.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર તેમજ વોટ્સએપ ચેનલ પેજ પર નવી માહિતી શૅર કરીને, લોકોને સતત સાયબર ફ્રોડની નવિન ઘટનાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન પો.સ.ઈ. એન.પી.ઠાકુર, પો.સ.ઈ. પી.વી.ગોહીલ તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટાફ તથા સિક્કા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.



રાજકોટના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર તથા જામનગર પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ દ્વારા યોજાયેલી જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સના અનુસંધાને આપેલા માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા "સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ"નું આયોજન ખંભાળીયા હાઈવે પર વસઇ નજીક આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં કરવામાં આવ્યું હતું.આ સેમીનારમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓને તથા ૧૫ શિક્ષકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી વિદ્યાર્થીઓ સાયબર સુરક્ષા અંગે વધુ સચેત રહી શકે.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર તેમજ વોટ્સએપ ચેનલ પેજ પર નવી માહિતી શૅર કરીને, લોકોને સતત સાયબર ફ્રોડની નવિન ઘટનાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન પો.સ.ઈ. એન.પી.ઠાકુર, પો.સ.ઈ. પી.વી.ગોહીલ તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટાફ તથા સિક્કા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થીનીએ પોતાના વિભાગના ડોક્ટર સામે સતામણીનો આરોપ મૂકતાં ખળભળાટ

# જામનગરની મેડિકલ કોલેજમાં તબીબ સામે જાતીય સતામણીનો આરોપ । તબીબી વર્તુળમાં ખળભળાટ

| જામનગર, તા.૧૧ |

જામનગરની મેડિકલ કોલેજની તબીબી વિદ્યાર્થીનીએ પોતાના વિભાગના ડોક્ટર સામે સતામણીનો આરોપ મૂકતાં ખળભળાટ મચી ગયો છે. અહીંની એમ.પી. શાહ મેડિકલ કોલેજ અને જી.જી. હોસ્પિટલના એક વિભાગમાં અભ્યાસ કરતી તબીબી વિદ્યાર્થિની ડોક્ટર યુવતીએ પોતાના વિભાગના તબીબ ડો. દીપક રાવલ દ્વારા જાતીય સતામણીની ફરિયાદ કરી છે. આ અંગેની તપાસ જાતીય સતામણી કમિટીને સોંપ વામાં આવી છે. આ યુવતીએ પોલીસ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, ડો. દીપક રાવલ તેને તેના જ ફોટો પાડીને મોકલે છે, તેઓ લખે છે કે તુ ખૂબ સુંદર છે. જો કે, આ તબીબ તેને નાપાસ કરશે એવા ડરથી તેણે ફરિયાદ કરી ન હતી. ઓપરેશન થિયેટરમાં હોઈએ ત્યારે એમ કહેતા હતાં કે તુ મારી સામે જોતી નથી. એ વખતે પણ મને નાપાસ કરે એવો ડર હતો. જો કે, હવે પરીક્ષામાં પાસ થઈ જવાથી હિંમત ભેગી કરીને ફરિયાદ કરી છે.જો આ બાબતે યોગ્ય તપાસ થશે તો ડો. દીપક રાવલ સામે અનેક ફરિયાદો હોઈ શકે છે. બીજી તરફ, આ પ્રકરણમાં એવો પણ આક્ષેપ છે કે, આ અંગે મેડિકલ કોલેજના જવાબદારો સમક્ષ મૌખિક ફરિયાદ કરાઈ હતી, પરંતુ જે તે વખતે મેડિકલ કોલેજના ડીન દ્વારા કોઈ પગલાં લેવાયા ન હતાં. જો કે, ડીનના કહેવા મુજબ માત્ર સાંભળેલી વાતો પરથી કોઈ સામે જાતીય સતામણીના આરોપ કરી શકાય નહીં.

## પતિ અન્ય સ્ત્રી સાથે રહેવા ચાલ્યા જતાં પત્ની અને તેના બે પુત્રોએ મચાવી ધમાલ


| જામનગર, તા.૧૧ |

જામનગર નજીક દરેડ વિસ્તારમાં વસવાટ કરતા પતિ, પત્ની ઔર 'વો' નો પ્રણય ત્રિકોણનો કિસ્સો સામે આવ્યો છે, અને પતિ પત્ની તેમજ અન્ય સ્ત્રી વચ્ચે ઝઘડો થયો છે. પતિએ પત્નીને ઢોર માર માર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે, જ્યારે પત્ની અને તેના બે પુત્રોએ અન્ય સ્ત્રીને માર માર્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. પોલીસ દ્વારા તમામની અટકાયત કરી લેવામાં આવી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના દરેડ વિસ્તારમાં રહેતી ગીતાબેન અશોકભાઈ તંબોલીયા નામની ૪૦ વર્ષની પરિણીત યુવતિએ પોતાને ઢોર માર મારવા અંગે પોતાના પતિ અશોક બાબુભાઈ તંબોલીયા સામે સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે અશોક તંબલિયાની અટકાયત કરી લીધી છે.પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન ગીતાબેનનો પતિ અશોકભાઈ કે જે છેલ્લા ત્રણ મહિનાથી પત્ની અને પોતાના બે સંતાનોને તરછોડીને દરેડ વિસ્તારમાં જ એકલી રહેતી રસીલાબેન ભરતભાઈ બાવળીયા નામની મહિલા સાથે મૈત્રી કરાર કરીને તેના ઘેર રહેવા માટે ચાલ્યો ગયો હતો.

## ગણેશગઢ નજીકથી દારૂ,બિયર અને બ્રિઝર ભરેલી કાર સાથે ચાલક ઝડપાયો

| ભાવનગર, તા.૧૧ |

ભાવનગર અમદાવાદ હાઈવે પર આવેલા ગણેશગઢ નજીકથી વિદેશી દારૂ,બિયર અને બ્રિઝર ભરેલી કાર સાથે વેળાવદર ભાલ પોલીસે કાચાલકને ઝડપી લીધો હતો.બનાવની વિગત એવી છે કે, ભાવનગરની વેળાવદર પોલીસ મથકનો સ્ટાફ હાઈ-વે પર પટ્રોલિંગમાં હતો ત્યારે, બાતમી મળી હતી કે મહુવાના નીચા કોટડા ગામે રહેતો રાહુલ કાનાભાઈ સાંખટ કાર નંબર જીજે.૦૫. સીએમ.૫૯૫૫માં વિદેશી દારૂ ભરી અધેલાઈ તરફથી ભાવનગર તરફ આવી રહ્યો છે. પોલીસે વૉચ ગોઠવતાં ભડભીડ ટોલ નાકા તરફથી આવી રહેલી ઉક્ત નંબરની કારને ગણેશગઢ ગામ પાસે શંકાના આધારે અટકાવી હતી. પોલીસે કાર ચાલક રાહુલ કાનાભાઈ સાંખટને કારમાંથી ઉતારી કારની તલાશી લેતા પૂઠાંનાં પાર્સલમાથી વિદેશી દારૂની ૬૬ બોટલ કિંમત રૂ.૩૪,૮૮૪, બિયરના ૭૨ ટીન રૂ.૬૫૫૨ અને બ્રિઝરના ૨૪ નંગ રૂ.૨૪૦૦ મળી આવતાં પોલીસે કારચાલકને નશાના જથ્થા અને મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૫,૯૩,૮૩૬નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો અને તેની વિરૂદ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટ તળે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. ભાવનગર અમદાવાદ હાઈવે પર આવેલા ગણેશગઢ નજીકથી વિદેશી દારૂ,બિયર અને બ્રિઝર ભરેલી કાર સાથે વેળાવદર ભાલ પોલીસે કાચાલકને ઝડપી લીધો હતો.બનાવની વિગત એવી છે કે, ભાવનગરની વેળાવદર પોલીસ મથકનો સ્ટાફ હાઈ-વે પર પટ્રોલિંગમાં હતો ત્યારે, બાતમી મળી હતી કે મહુવાના નીચા કોટડા ગામે રહેતો રાહુલ કાનાભાઈ સાંખટ કાર નંબર જીજે.૦૫. સીએમ.૫૯૫૫માં વિદેશી દારૂ ભરી અધેલાઈ તરફથી ભાવનગર તરફ આવી રહ્યો છે. પોલીસે વૉચ ગોઠવતાં ભડભીડ ટોલ નાકા તરફથી આવી રહેલી ઉક્ત નંબરની કારને ગણેશગઢ ગામ પાસે શંકાના આધારે અટકાવી હતી.






## તંત્રી લેખ..

# બજારને ફટકો પડશે

કોરોના કાળ પહેલા રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દેવામાં આવી હતી જેના કારણે વર્તમાન સંજોગોમાં કેટલાક નવા પડકારો અને સમસ્યા સરકાર સામે ઉભી થઇ શકે છે. આના કારણે વેપારીઓને પણ સમસ્યા આવી શકે છે. સાથે સાથે સ્પર્ધા વધવાની સ્થિતીમાં પણ કેટલાક પડકારો આવી શકે છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપી છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીનૂ વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઈને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઈ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઈ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઈની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઈ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારે તે પહેલા સ્વર્ગસ્થ અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઈ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઈ કેમ થઈ ગઈ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીથી માઠી અસરમાંથી લોકો બહાર આવી ચુક્યા છે પરંતુ કોરોનાની મહામારી બાદ રિક્વરી હજુ પણ થઈ શકી નથી. વિશ્વના દેશો આર્થિક રિક્વરીને લઈને ઝઝુમી રહ્યા છે. સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે. વિદેશી કારોબારીઓ છ સાત મહિના સુધી નુકસાન ઉઠાવીને પણ દેશમાં રહેલા નાના કારોબારીઓને ખતમ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આ બાબત ભાજપ અને કોંગ્રેસ બન્નેની બને છે કે નાના કારોબારીઓને બચાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે

**૭.૮ તીવ્રતાના ભૂકંપના બે આંચકાએ તુર્કી અને સીરિયામાં મોટી તબાહી સર્જી છે. તુર્કી અને સીરિયામાં ભૂકંપને કારણે ૨૮૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તુર્કીમાં આવેલા શક્તિશાળી ભૂકંપના કારણે દેશ ૧૦ ફૂટ ખસી ગયો છે.**

# તુર્કીમાં આટલા ભયાનક ભૂકંપ કેમ આવે છે ?

**૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અત્યાર સુધીમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે તુર્કીમાં અને સીરિયામાં હજારો લોકોના મોતની પુષ્ટિ થઈ છે.**

તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે.૧૯૯૯માં તુર્કીના ડ્યૂઝ પ્રદેશમાં ૭.૪-ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જે દાયકાઓમાં તુર્કીમાં આવેલો સૌથી ભયાનક ભૂકંપ હતો. આ સમય દરમિયાન, ભૂકંપને કારણે દેશભરમાં ૧૭,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા , જેમાં લગભગ ૧,૦૦૦ ઈસ્તાંબુલનો સમાવેશ થાય છે.

તુર્કીમાં કેમ આવે છે આટલા ભૂકંપ?:-

તુર્કી ઘણી સક્રિય ફોલ્ટ લાઇન પર સ્થિત છે. તુર્કીમાં સત્તાવાર રીતે ૪૮૫ ફોલ્ટ લાઇન છે. જો કે, છેલ્લા એક દાયકામાં ૧૨૦ થી વધુ નવી ફોલ્ટ લાઇન બનાવવામાં આવી છે. જેના કારણે ભૂકંપની સંખ્યા સતત વધી રહી છે.

સોમવારે તુર્કી, સીરિયા અને લેબેનોનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૮ માપવામાં આવી છે. દક્ષિણપૂર્વ તુર્કી અને સીરિયામાં ભૂકંપથી ભારે નુકસાન થયાના અહેવાલ છે.

તુર્કીના ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર ૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાંથી ૩૩૩થી વધુ ભૂકંપના આંચકાઓની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦થી વધુ હતી. ૨૦૨૦માં તુર્કીમાં ૩૩ હજાર ભૂકંપ આવ્યા હતા. ૨૦૨૧માં આ આંકડો ૨૪ હજારની આસપાસ હતો. જો આપણે બે દાયકા પહેલાની વાત કરીએ તો આ આંકડો હજાર કરતા પણ ઓછો હતો. ૧૯૯૦ થી



૨૦૦૦ સુધી, માત્ર ૧૯૯૯ માં તુર્કીમાં ૨૦૦૦ થી વધુ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા, અન્યથા દરેક વખતે તેની સંખ્યા ૧૦૦૦ થી ઓછી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તુર્કીનો મોટાભાગનો ભાગ એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટ પર સ્થિત છે. આ પ્લેટ યુરેશિયન, અરેબિયન અને આફ્રિકન પ્લેટો વચ્ચે સ્થિત છે. જેમ જેમ આ પ્લેટોમાં દબાણ વધે છે, તે એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટને અસર કરે છે. આમ, તુર્કી વિશ્વના અન્ય ભાગો કરતાં વધુ ભૂકંપનો સામનો કરે છે. તુર્કીમાં સૌથી વિનાશક ફોલ્ટ લાઈનને નોર્થ એનાટોલીયન ફોલ્ટ લાઈન (દ્રછહ્ન) નામ આપવામાં આવ્યું છે. એનાટોલીયન અને યુરેશિયન પ્લેટો આ જગ્યાએ મળે છે. આ જગ્યાને ઈસ્તાંબુલ કહેવામાં આવે છે.

NAF એ સમગ્ર માનવ ઈતિહાસમાં કેટલાક સૌથી ખરાબ ધરતીકંપો પેદા કર્યા છે. ૧૭ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ, મુખ્ય ઉત્તરી એનાટોલીયન ફોલ્ટ લાઈનને કારણે ઈસ્તંબુલ નજીક ખૂબ જ મજબૂત ધરતીકંપ આવ્યો. જેમાં ૧૭ હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. બરાબર ત્રણ મહિના પછી, ૧૨ નવેમ્બરે, બીજો ભૂકંપ આવ્યો જેમાં ૮૪૫ લોકો મૃત્યુ પામ્યા. ૩ વર્ષ પહેલા જાન્યુઆરી ૨૦૨૦માં પણ તુર્કીમાં ભૂકંપ ના ભયાનક આંચકા અનુભવાયા હતા. આ દરમિયાન તુર્કીમાં ૪૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ઓક્ટોબર ૨૦૨૦માં તુર્કીમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો હતો જેમાં ૧૧૪ લોકોના મોત થયા હતા.

આપણને પ્રશ્ન થાય કેભુકંપ કેમ આવે છે?પૃથ્વીની અંદર મુખ્યત્વે ૭ પ્લેટ હોય છે. આ પ્લેટો ફરતી રહે છે. ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદરની આ પ્લેટોનું અથડામણ છે. જ્યારે આ પ્લેટ્સ કોઈક સમયે અથડાય છે, ત્યારે ત્યાં ફોલ્ટ લાઈન ઝોન રચાય છે અને સપાટીના ખૂણા ફોલ્ડ થાય છે. સપાટીના ખૂણાને લીધે, ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાને કારણે અંદર રહેલી ઉર્જા બહાર આવવાનો રસ્તો શોધી લે છે, જેના કારણે પૃથ્વી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માની લઈએ છીએ.

ચાલો આજે વિશ્વના ૭ સૌથી વિનાશક ધરતીકંપો પર પણ એક નજર કરીએ. જેમાં લાખો લોકો માર્યા ગયા હતા. આ ૭ વિનાશક ભૂકંપોમાંથી એક ભારતમાં પણ આવ્યો હતો.

સૌથી મોટા ભૂકંપ પૈકીનો એક મે ૧૯૬૦ માં બાયો-બાયો, ચિલીમાં નોંધાયો હતો. ૯.૪ અને ૯.૬ની તીવ્રતાનો આ ભૂકંપ લગભગ ૧૦ મિનિટ સુધી જમીનને હચમચાવી રહ્યો હતો. આ ભૂકંપમાં લગભગ ૬૦૦૦ લોકો માર્યા ગયા હતા. તેને અત્યાર સુધીનો સૌથી વધુ તીવ્રતાનો ધરતીકંપ માનવામાં આવે છે. આ ભૂકંપને કારણે લગભગ ૩૦૦ કરોડ ડોલરથી ૭૦૦ કરોડ ડોલરનું નુકસાન થયું હતું.

બીજો ભૂકંપ ગ્રેટ અલાસ્કનમાં ૧૯૬૪માં ગુડ ફ્રાઈડેના દિવસે આવ્યો હતો. ગ્રેટ અલાસ્કન ભૂકંપ ૯.૨ ની તીવ્રતા ધરાવતો હતો અને તે ૫ મિનિટથી થોડો ઓછો ચાલ્યો હતો અને તેને ઉત્તર અમેરિકામાં અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી ભૂકંપ માનવામાં આવે છે. ધ્રુજારીથી માત્ર નવ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ પરિણામે સુનામીને કારણે વિશ્વભરમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ભૂકંપ થી સુનામીના મોજા એન્ટાર્કટિકા પહોંચ્યા અને પેરુ, મેક્સિકો, જાપાન અને ન્યુઝીલેન્ડ તેમજ અન્ય દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ જોવા મળ્યા. વર્ષ ૨૦૦૧ નો ભૂકંપ જેને ભુજ ભૂકંપ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે છેલ્લી બે સદીઓમાં ભારતમાં આવેલો ત્રીજો સૌથી મોટો અને બીજો સૌથી વિનાશક ધરતીકંપ હતો. ભૂકંપમાં ૨૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ સાથે હજારો મકાનો ધરાશાયી થયા અને લાખો લોકો બેઘર બન્યા હતા.

## સમય કરતા હૃદય દ્વારા સ્વયંસેવક: સેવાના નવા યુગની ઘોષણાપત્ર




ડો. પ્રેરક કે. સોની

આજના સમયમાં, જ્યાં દરેક ક્ષણનું મૂલ્ય છે, ત્યાં સ્વયંસેવક નું હૃદય એવી નવી ધારણા લાવે છે જે સમયની મર્યાદાઓને પાર કરી જાય છે. આ ઘોષણાપત્ર વિશ્વભરના સ્વયંસેવકોના અદ્વિતીય કાર્યોથી પ્રેરિત છે. "જ્યાં સેવા અને આત્મા એક થાય છે, ત્યાં પરિવર્તનની શરૂઆત થાય છે." સ્વયં સેવક-સેવા એ માત્ર સમય આપવાની બાબત નથી, પણ પ્રેમ અને કરુણાથી ભરેલી દરેક ક્રિયા છે.

"કરુણાનું કાર્ય અંધકારને પ્રકાશિત કરે છે." સ્વયંસેવક સેવા નું મૂળ એ છે કે બીજાની લાગણીઓને સમજવાની અને તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતા માં છે. "અનેક હૃદય, એક સંકલ્પ: બદલાવ લાવવો." આત્મિક સંતોષથી લઈને બીજાની મદદ કરવાના આનંદ સુધી, વિવિધ પ્રેરણાઓ સ્વયંસેવક-સેવા ની ભાવનાને પ્રેરિત કરે છે. "નાના હાથ, વિશાળ અસર." સ્વયંસેવકોની સામૂહિક કોશિશો લોકોના જીવન અને સમુદાયોમાં મોટો ફેરફાર લાવે છે. "કોઈ અડચણ મોટી નથી, કોઈ હૃદય નાનું નથી." સમયની મર્યાદા જેવી ચુનૌતીઓ પણ, જ્યારે મદદ કરવાની ઈચ્છા હોય, તો તેને પાર કરી શકાય છે. "એક વિશ્વ, અનેક સેવાનીઓ." સ્વયંસેવક-સેવાની ભાવના ભૌગોલિક મર્યાદાઓને પણ ઓળંગી જાય છે, અને આ સમપ ણ સંસ્કૃતિઓ અને સીમાઓને પાર કરીને કાર્ય કરે છે.

"ડિજિટલ યુગમાં સીમાઓ વગરની સેવા." ટેકનોલોજીએ કેવી રીતે આપણને ક્યાંયથી પણ, કોઈપણ સમયે સેવા આપવાની તકો આપી છે. "સાથે મળીને, આપ ણે સેવામાં વધુ મજબૂત બનીએ છીએ." સ્વયંસેવક સમુદાયની શક્તિ તેની એકતા અને સાઝા દૃ ષ્ટિકોણમાં છે, જેમ કે બી.એ.પી. એસ.(બોચાસણવાસી શ્રી અક્ષર પ ુરષોતમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા વિશ્વભરના સ્વયંસેવકોનું એક મોટું પરિવાર ઉભું કરવામાં આવ્યું છે. "જુસ્સો અને ઉદ્દેશ્ય દ્વારા પ્રેરિત." લાંબા સમય સુધી સેવા આપવાની ભાવનાને જીવંત રાખવાની કી છે નિરંતર પ્રેરણા અને સેવામાંથી મળતો આનંદ.

લેખક : ડો. પ્રેરક કે. સોની



### રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં સામાન્ય લોકોનો સ્પષ્ટ મત

**એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઇ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઇ જાય છે**

# રાજનેતા લોકોને ગેરમાર્ગે દોરે છે

**રાજનેતા સામાન્ય પ્રજાને પોતાની વાતમાં ફસાઇ લે છે : સોશિયલ મિડિયા અને મિડિયાને પણ કેટલાક લોકો દોષિત ગણે છે**

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં દેશના સામાન્ય લોકોનો આજે પણ સ્પષ્ટ અભિપ્રાય એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા કેટલાક સર્વેમાં ઉપયોગી વિગત સપાટી પર આવી છે. આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઈ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઈ જાય છે. ૪૭ ટકા લોકોએ એવો અભિપ્રાય પણ આપ્યો છે કે આ કામ તો મિડિયા દ્વારા કરવામાં આવે છે. ૪૪ ટકા લોકોએ આના માટે સોશિયલ મિડિયા પર પણ પ્રહાર કરવામાં આવ્યા છે. આ લોકો કહે છે કે સોશિયલ મિડિયા મારફતે પણ મોટી સંખ્યામાં લોકો ગેરમાર્ગે દોરાઈ જાય છે. ૨૭ દેશોમાં ૧૯૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમાં સામેલ કરવામાં આવેલા ભારતીય લોકો પૈકી ૭૨ ટકા લોકોએ કહ્યુ છે કે તેઓ સામાન્ય રીતે મિડિયા સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ફેક ન્યુઝને નિહાળે છે. ૫૫ ટકા ભારતીય લોકોએ એમ પણ કહ્યુ છે કે તેઓ



એક ફેક ન્યુજની જાળમાં ફસાઈ ગયા છે. એટલે કે પહેલા તેઓ જે હેવાલને યોગ્ય ગણતા હતા તે હેવાલ ખોટા છે તે અંગે હવે જાણ થઈ છે. આ સર્વેને ભારતીય જનમાનસની વાસ્તિવક બાબત તરીકે ભલે ન ગણવામાં આવે પરંતુ આના કારણે સમાજમાં ઉભરી રહેલા એક પ્રકારના નવા સંકટની તરફ ઈશારો ચોક્કસપણે કરી દીધો છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવાના કારણે કેટલીક સમસ્યા પણ આવી રહી છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવા અને સોશિયલ મિડયા જેવી ટેકનિક આવવાના કારણે સુચનાના અનેક સોર્સ લોકોની સામે આવી ગયા છે. લોકો પાસે વિકલ્પ વધી ગયા છે. પહેલા સુચના એક નિર્ધારિત પ્રકરિયામાંથી થઈને જ આવતી હતી. તેમની પાછળ મર્યાદિત લોકો હતા. જે કાયદા કાનુન સાથે ચાલતા હતા. પરંતુ ટેકનોલોજીના કારણે તમામ બાબતો હવે બદલાઈ ગઈ છે.હવે તો દરેક પ્રકાશક તરીકે છે. ટેકનોલોજીએ આ સુવિધા તમામને આપી દીધી છે. જેથી સુચનાના સોર્સ અસંખ્ય થઈ ગયા છે. સ્વાભાવિક છે કે હવે દરેક વ્યક્તિ પોતાની વાત પોતાની રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. તેમાં કેટલાક લોકો જવાબદાર છે. જવાબદારી હવે વધારે ધ્યાનમાં રાખવામાં આવતી નથી. જેના કારણે સામાન્ય વ્યક્તિ દુવિધામાં પડી જાય છે. તે કોને યોગ્ય ગણે અને કોણે ન ગણે તેને લઈને સમસ્યા સર્જાઇ જાય છે. એક જ સુચના આજે કોઇ એક સમુદાય માટે સારી હોઈ શકે છે તો આ જ સુચના અન્ય સમાજ માટે પ્રતિકુળ હોઈ શકે છે. વિકસિત દેશોના નાગરિકોનો સામનો આ પ્રક્રિયાની સાથે પહેલા થયો છે જ્યારે વિકાસશીલ દેશોના લોકોનો સામનો હવે થઈ રહ્યો છે. વિકસિત દેશોના લોકો પહેલાથી જ સાવધાન થઈ ગયા છે જેથી આ લોકો આ પ્રકારના પ્રવાહમાં ઓછા ફસાય છે. જ્યારે વિકાસશીલ દેશોના લોકો આવા પ્રવાહમાં તરત જ ફસાઈ જાય છે. વિકસિત દેશોમાં રહેતા લોકો પોતાના વિવેકથી યોગ્ય નિર્ણય કરે છે. કઈ ચીજને યોગ્ય રીતે ઉપયોગ કરીને ઉપયોગમાં લાવવામાં આવે તે અંગે નિર્ણય આ લોકો કરે છે. પરંતુ ભારત જેવા વિકાસશીલ દેશ જ્યા શિક્ષણ અને જાગરૂકતાનુ સ્તર એક સમાન નથી ત્યાં લોકો સમાચાર અને અન્ય બાબતોને લઈને અનેક વિકલ્પ વચ્ચે દુવિધામાં ફસાઈ જાય છે. કેટલીક વખત આવા લોકો તથ્યોની તરફ ધ્યાન આપી શકતા નથી. જેથી ખોટી બાબતને યોગ્ય ગણી લે છે. જ્યાં સુધી રાજનીતિની વાત છે આમાં ભારતમાં ગળા કાપ સ્પર્ધા જોવા મળે છે. પહેલા મુદ્દા પર સીધી રીતે વાત થતી હતી પરંતુ હવે તમામ ધ્યાન દાવા અને વચન દેખાવવા પર કેન્દ્રત છે.

### કિડનીના દર્દીઓ માટે કોફી આદર્શ । મોતના જોખમને ઘટાડી દેવામાં કોફી ઉપયોગી સાબિત થાય છે

# જ્યારે પણ ઉંઘ આવે છે અથવા તો થાક લાગે છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએ છીએ : કોફી ઉપરાંત ચા પિવાના પણ ફાયદા છે

જ્યારે પણ અમને ઉંઘ આવે છે અથવા તો થાકનો અનુભવ થાય છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએચીએ. કોફી પિવાના અનેક ફાયદા રહેલા છે. દાખલા તરીકે કોફી પિવાથી હાર્ટ અને દિમાગ સાથે સંબંધિત બિમારી થવાનો ખતરો ઓછો રહે છે. હવે વ્યાપક અભ્યાસ બાદ એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો કિડની સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે તે લોકો જો કોફી પિવે તો તેમને વધારે ફાયદો થાય છે. કિડનીના દર્દીઓમાં મોતના જોખમને પણ તે ઘટાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે કોફી પિવાના કારણે એવા લોકોમાં મોતનો ખતરો ઓછો થઈ જાય છે જે કિડનીની ગંભીર બિમારીથી પરેશાન થયેલા છે. આ અભ્યાસમાં એવા દર્દીની સરખામણી ઓછા પ્રમાણમાં કોફી પિનાર સાથે કરવામાં આવી હતી. અભ્યાસ કરવામાં આવ્યા બાદ જે રિઝલ્ટ આવ્યા તે દર્શાવે છે કે જે વધારે પ્રમાણમાં કોફી પિતા હતા તે દર્દીઓમાં કિડની સંબંધિત બિમારીના કારણે થતા મોતના પ્રમાણમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો હતો. શોધ કરનાર લોકોના કહેવા મુજબ કોફી કિડની સંબંધિત બિમારીમાં એક સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવે છે. તેના સંભવિત કારણ એ હોઈ શકે છે કે નાઈટ્રિક એસિડની અસર વધારે થાય છે. હકીકતમાં કોફીનાઈટ્રિક એસડ નામના તત્વને રિલિજ કરવામાં મદદ કરે છે. તે તત્વ કિડનીના કામને



સુધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. આ અભ્યાસના મુખ્ય લેખક મિગુલ વિયરાએ કહ્યુ છે કે આ પરિણામથી જાણવા મળે છે કે જે દર્દી કિડનીની ગંભીર બિમારીથી ગ્રસ્ત છે તે દર્દીએ કોફી વધારે પ્રમાણમાં ઉપયોગ કરવી જોઈએ. કારણ કે આના કારણે મૃત્યુ દરમાં ઘટાડો થઈ જાય છે. જર્નલ નેફ્રોલોજી ડાયલિસીસ ટ્રાન્સપ્લાન્ટેશમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ અભ્યાસના યોગ્ય તારણ પર પહોંચવા માટે ૪૮૬૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તેમના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફલેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. હાઈ ફેટ ડાઈટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઈચ્છિત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઈ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે જેથી અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઈપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપે છે. જાપાનમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિક હીરોકી યાજીમાએ કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે. બ્લેક ટી હંમેશા સ્થુળતાને ઘટાડવામાં ઉપયોગી બને છે. ડાઈટના કારણે ચરબી વધારનાર તત્વોને રોકવામાં બ્લેક ટી ભુમિકા અદા કરે છે. દૂધ વગરની ચા પીવાથી મોટા ફાયદો થાય છે તે બાબત પ્રકાશમાં આવ્યા બાદ તેનાથી ફાયદો થઈ શકે છે. સ્થુળ લોકો માટે આ ખૂબ સારા સમાચાર છે જે વજન ઘટાડવા માટે ઈચ્છુક છે. જુદા જુદા અભ્યાસના તારણ કહે છે કે ચા અને કોફી બંને માનવ શરીરને કેટલીક તકલીફથી બચાવે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## દૂધ અને બ્રેડની અછત । શ્રદ્ધાળુઓની સાથે શહેરના લોકોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે

# મહાકુંભમાં મહાજામ । ખાંડ, લોટ અને સોજીના ગોદામો ખાલી

### સતીશ કેસરવાનીએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા દિવસોથી કઠોળથી ભરેલા ટ્રકો ચકઘાટ બોર્ડર પર ઉભા છે, પરંતુ તેમને પ્રયાગરાજમાં પ્રવેશવાની મંજૂરી નથી

। પ્રયાગરાજ, તા.૧૧ ।

મહાકુંભ દરમિયાન સંગમમાં સ્નાન કરવા માટે શ્રદ્ધાની લહેર ઉભરી રહી છે. પ્રયાગરાજમાં, છેલ્લા પાંચ દિવસથી અનેક કિલોમીટર લાંબા ટ્રાફિક જામને કારણે સિસ્ટમ પડી ભાંગી હતી. હાઈવે પર બે કલાકનું અંતર દસ કલાકમાં કાપવામાં આવી રહ્યું છે. લાખો વાહનો જામમાં ફસાયેલા હોવાથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટીતંત્ર જામમાંથી રાહત આપવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું હોય તેવું લાગતું હતું. માલવાહક વાહનો શહેરમાં પ્રવેશી શકતા નથી. હકીકતમાં, છેલ્લા ઘણા દિવસોથી, મહાકુંભમાં સ્નાન કરવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. વાહનોના ભારે દબાણને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. શહેર તરફ જતા દરેક રસ્તા પર ટ્રાફિક જામ હતો. ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે પોલીસે અનેક સ્થળોએ બેરિકેડ લગાવ્યા હતા. પરિસ્થિતિ ખરાબથી ખરાબ થતી ગઈ. છેલ્લા પાંચ દિવસથી, શ્રદ્ધાળુઓના વાહનોની કતાર દસ કિલોમીટર સુધી લાંબી જોવા મળી હતી. ટ્રાફિક જામમાં ફસાયા પછી અને કલાકો સુધી રખડતાં વાહનોનું ઈંધણ ખતમ થઈ રહ્યું છે. આનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.







### ટ્રાફિક જામના કારણે માલવાહક વાહનો શહેરમાં પહોંચી શકતા નથી

શ્રદ્ધાળુઓની સાથે શહેરના લોકોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રયાગરાજમાં વાણિજ્યિક વાહનોને પ્રવેશવાની મંજૂરી નથી. આવી સ્થિતિમાં દૂધ અને બ્રેડની અછત છે. મેળામાં પણ પુરવઠો બંધ થઈ ગયો છે. જો આ સામાન્ય નહીં થાય તો ખાદ્ય સંકટ વધી શકે છે. પેટ્રોલ પંપ પર પણ પેટ્રોલ અને ડીઝલની અછત જોવા મળી રહી છે. જોકે, સોમવારે મોડી રાત સુધીમાં પરિસ્થિતિમાં સુધારો થતો જણાતો હતો. મંગળવારે પણ ભક્તોની સંખ્યા સામાન્ય રહી. શહેરમાં પરિસ્થિતિ સામાન્ય છે.બીજી તરફ, ટ્રાફિક જામના કારણે માલવાહક વાહનો શહેરમાં પહોંચી શકતા નથી. શહેરના મુખ્ય અનાજ બજાર મુત્તીગંજના તમામ વેપારીઓના ગોદામોમાંથી ખાંડ, લોટ, સોજી વગેરેનો સ્ટોક લગભગ ખતમ થઈ ગયો છે.

### ૨૬ જાન્યુઆરીથી અહીં માલસામાન વાહનોની અવરજવર બંધ

